Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या।

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૮૦ મું
અંક ૧૦-૧૧
૧૫ ઓગસ્ટ

શ્રાવણ–ભાદ્રપદ

વીર સં. ૨૪૯૦
વિ. સં. ૨૦૨૦
ઇ. સ. ૧૯૬૪

माणुस्सं विग्गहं लद्धुं, सुई धम्मस्स दुल्लहा ।
जं सोच्चा पडिवज्जन्ति, तवं खन्तिमहिंसयं ॥ ६ ॥

મનુષ્યનો અવતાર મહામુશીબતે કદાચ મળી ગયો તો પણ, જે વચનોને સાંભળીને માણસો તપ, ક્ષમા અને અહિંસાના સંસ્કારોને ચિત્તમાં સ્થિર કરી શકે એવાં ધર્મવચનોનું સાંભળવું ભારે દુર્લભ છે.

आहच्च सवणं लद्धुं, सद्धा परमदुल्लहा ।
सोच्चा नेयाउयं मग्गं, बहवे परिभस्सई ॥ ७ ॥

કદાચ એવા સત્સંસ્કાર પાડનારાં વચનોને સાંભળવાનો પણ પ્રસંગ આવી મળે, તો પણ તેમાં શ્રદ્ધા–વિશ્વાસ બેસવો ઘણો જ દુર્લભ છે. કારણ કે એવાં ન્યાયમાર્ગને બોધનારાં વચનોને સાંભળવા છતાંય કેટલાંક માણસો ન્યાયમાર્ગને અનુસરતા નથી. ઉલટું તેઓ ન્યાયમાર્ગથી ચ્યુત હોય તેમ વર્તે છે, અર્થાત્ ન્યાયમાર્ગના શ્રવણમાં તેમનો વિશ્વાસ બેસતો નથી.

—મહાવીર-વાણી

: પ્રગટકર્તા :
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા : : ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી જૈન ધર્મ પ્રકાશ : : વર્ષ ૮૦ મું : : વાર્ષિક લવાજમ ૫-૨૫ પોસ્ટેજ સહિત

# अनुक्रमणिका


| | | | |
|---|---|---|---|
| ૧ | સિદ્ધચક્રનું સ્તવન .... .... | (મુનિ મનમોહનવિજય) | ૮૯ |
| ૨ | શ્રી વર્દ્ધમાન મહાવીર : લેખાંક ૬૦ .... .... | (સ્વ. મૌક્તિક) | ૯૦ |
| ૩ | સેવા વૃત્તિનો પરિમલ .... | (બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર") | ૯૧ |
| ૪ | બે બાંધવો વચ્ચેનું દારુણ યુદ્ધ .... | (પ્રો. હીરાલાલ ર. કાપડિયા, એમ.એ.) | ૯૪ |
| ૫ | આગમોની અદીર્ઘ રૂપરેખા (લેખાંક : ૨) | (નર્મદાશંકર શાસ્ત્રી) | ૯૬ |
| ૬ | ગુણસ્થાનક પ્રત્યે સાત નયનું સ્વરૂપ | (ડૉ. વલ્લભદાસ નેણસીભાઇ-મોરબી) | ૯૮ |
| ૭ | ઉદ્દઘાટન, સન્માન, જન્મજયંતિ .... .... .... | ... | ટા. પે. ૩-૪ |


## ત્યાશીમી વર્ષગાંઠ

આપણી સભાની ત્યાશીમી વર્ષગાંઠ શ્રાવણ શુદિ ત્રીજને સોમવાર તા. ૧૦-૮-૬૪ના રોજ સભાના મકાનમાં ઉજવવામાં આવી હતી. સવારે ૯-૩૦ કલાકે બારવ્રતની પૂજા રાગરાગણી સહિત ભણાવવામાં આવી હતી. આ શુભ પ્રસંગે સભાસદ બંધુઓ સારી સંખ્યામાં પધાર્યા હતા.


## પવિત્ર પર્યુષણ પર્વમાં આરાધના માટે અતિઉપયોગી પ્રકાશનો

## અક્ષયનિધિ તપ વિધિ

પર્વાધિરાજ પર્યુષણને લગતા દિવસોમાં આ તપનું સારી સંખ્યામાં આરાધન કરવામાં આવે છે. શ્રાવણ વદ ૪ થી શરૂ કરીને ભાદરવા શુદિ ૪ એટલે કે સંવત્સરીના દિવસે આ તપની પૂર્ણાહૂતિ કરવામાં આવે છે. આ પુસ્તકમાં અક્ષયનિધિ તપની સંપૂર્ણ વિધિ, ચૈત્યવંદન, સ્તવન, પૂજાની ઢાળ, ખમાસમણાના દુહા, અક્ષયનિધિ તપનું મોટું સ્તવન તથા છંદો, આ તપથી મનવાંછિત સિદ્ધિ પ્રાપ્ત કરનાર સુંદરીની રસિક કથા વગેરે પણ આપવામાં આવેલ છે.

મૂલ્ય માત્ર ૦-૨૫ પૈસા લખો:—**શ્રી જૈનધર્મ પ્રસારક સભા, ભાવનગર**


## વિનંતિ

મહેરબાન પેટ્રન સાહેબોને અને સભાના આજીવન સભ્યોને વિનંતી કરવામાં આવે છે કે માસિક સાથે મોકલેલ પોસ્ટ કાર્ડમાં જે વિગતો માગવામાં આવેલ છે તે વિગતો ભરીને તે પોસ્ટ કાર્ડ પાછું મોકલવા મહેરબાની કરશોજી.

**હવે પછીનો અંક** આસો શુદ ૯ ને ૧૫ મી ઓકટોમ્બરના રોજ બહાર પડશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૮૦ મું
અંક ૧૦-૧૧ | શ્રાવણ–ભાદ્રપદ | વીર સં. ૨૪૯૦
વિક્રમ સં. ૨૦૨૦

## સિદ્ધ ચક્રજીનું સ્તવન

( રાગ–નારે પ્રભુ નહિ માનું અવરની આણ )

નારે પ્રભુ નહિ ધ્યાવું, નહિ ધ્યાવું અવરનું ધ્યાન;
નારે પ્રભુ નહિ ધ્યાવું, મારે સિદ્ધ ચક્ર પ્રમાણ. નારે૦ ૧

અરિહંત છે એક દેવ મ્હારે, સિદ્ધ ચક્ર સિરદાર રે;
અજરામરપદ સિદ્ધજી પામ્યા, તે મુજ દેવ પ્રમાણ. નારે૦ ૨

આચાર્યજી જિન આણા ધરતા, ધારે ગણનો ભાર રે;
ધર્મતણા ધારક સુરીવર, વંદના વારંવાર. નારે૦ ૩

ઉપાધ્યાય જિન આગમ જાણી, જ્ઞાન તણા દાતાર રે;
મુનિવર શુદ્ધ સંજમ પસાયે, તરતા ભવજલ પાર. નારે૦ ૪

જિન વચનની શ્રદ્ધ દર્શન, જેથી પ્રગટે જ્ઞાન રે;
આચાર શુદ્ધ તે ચારિત્ર ધ્યાવું, બાર ભેદે તપ ધ્યાન. નારે૦ ૫

નવ પદમાં બે દેવ હું ધ્યાવું, ગુરુ ત્રણનું ધ્યાન રે;
ધર્મ તણા પદ ચારને ધ્યાવું, લેવા શિવપુર સ્થાન. નારે૦ ૬

મનોહર સિદ્ધ ચક્ર ધ્યાન ધરંતા, ગાવે અંતર ગાન રે;
મનમોહન શિવ સુંદરી વરવા, ધરતો નવપદ ધ્યાન. નારે૦ ૭

નારે પ્રભુ નહિ ધ્યાવું, નહિ ધ્યાવું અવરનું ધ્યાન;
નારે પ્રભુ નહિ ધ્યાવું,
મારે સિદ્ધ ચક્ર પ્રમાણ, નારે પ્રભુ નહિ ધ્યાવું.

—મુનિ મનમોહનવિજય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી વર્દ્ધમાન–મહાવીર

લેખાંક : ૯૦

લેખક : **સ્વ. મોતીચંદ ગિરધરલાલ કાપડિયા (મૌક્તિક)**

## ૨૦ તીર્થપદ :

જંગમ અને સ્થાવર એ પ્રકારનાં તીર્થ. જંગમ તીર્થમાં સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા આવે અને સ્થાવર તીર્થમાં શાશ્વતા, અશાશ્વતા તીર્થો આવે. આબુ, અષ્ટાપદ, ગિરનાર, સમેતશિખર શત્રુંજય એ પાંચ મુખ્ય તીર્થો ઉપરાંત તારંગા. મક્ષીજી, અંતરીક્ષજી, શંખેશ્વર વગેરે સ્થાવર તીર્થ કહેવાય આ તીર્થની સેવા યાત્રા ભક્તિ એ તીર્થપદની આરાધના છે. સંઘને જરૂરિયાતો પૂરી પાડવી. સંઘ માટે આરોગ્યગૃહો, રુગ્ણાલયો (હોસ્પીટલો), ધર્મશાળાઓ, પૌષધાલયો કરાવવા, વૃદ્ધ આશ્રમો, અશક્ત આશ્રમો કાઢવાં–બને તે રીતે સંઘના ઉપાસકોની ભક્તિ–સેવા કરવી એ તીર્થપદની આસેવના છે–આરાધના છે. ધર્મપ્રભાવકના અનેક પ્રકારો છે. દૂર દેશમાં અન્ય ધર્મમાં ભાષણથી લેખનથી પ્રેરણાથી ધર્મપ્રભાવના કરવી, ધર્મનો પ્રચાર કરવો, સારાં પુસ્તકો તૈયાર કરવાં કરાવવાં વગેરે અનેક રીતે તીર્થની સેવા થાય. તીર્થનો મહિમા મોટો છે. ખૂદ અર્હંતો પણ 'નમો તિત્થયસ'થી દેશના શરૂ કરે છે એ ચતુર્વિધ સંઘરૂપ પૂજ્ય તીર્થની આરાધના એના પ્રચારથી, એની આસેવનાથી, એની જરૂરિયાતો સમજી વિચારી પૂરી પાડવાથી થાય.

આ વીશ સ્થાનકોમાંના એક સ્થાનકની આરાધનાથી તીર્થંકર નામકર્મનો બંધ થાય, અથવા બીજી રીતે કહીએ તો આ પદમાંના એક અથવા વધારે પદની આરાધના કરવાથી પ્રાણી તીર્થંકરપદ પામી ગયા છે. અને પ્રત્યેક પદ-સ્થાનને ઝીણવટથી વિચારીએ છીએ ત્યારે એમાં રહેલા રહસ્યને અંગે સ્વ-પરનો ભેદ સ્પષ્ટ થાય છે, પોતાની જાતને ભૂલી જવાય છે. આત્મસ્વરૂપની પિછાણ થાય છે અને એ રીતે એકવાર પ્રાણી રસ્તે આવી ગયો એટલે પછી એનો માર્ગ સરળ સીધો અને સાધ્ય સન્મુખ થઇ જાય છે આ વીશ પદમાં ૧, ૨, ૪, ૫, ૬, ૭ એમ છ સ્થાનો ગુણીના છે, બાકીનાં ૧૪ સ્થાનો ગુણ છે. ત્રીજા પ્રવચન અને વીશમાં તીર્થ સ્થાનને ઘણું સામ્ય છે તેમ જ અઢારમા અભિનવજ્ઞાન અને ઓગણીશમાં શ્રુતજ્ઞાનમાં સહજ અતિવ્યાપ્તિ અથવા પરસ્પર સંકલન થવા સંભવ છે, પણ ઉપરના વિસ્તારમાં જણાવ્યું છે તેમ તેમાં પરસ્પર વિવિધતા જરૂર છે. એ જ પ્રમાણે આઠમા જ્ઞાનપદ સાથે ૧૮ અને ૧૯ મા પદમાં સંકલન થાય, પણ એમ જોઇએ તો ૧૧ મું ચારિત્રપદ ઘણા પદમાં સંકલીત થાય. તે જ પ્રમાણે સ્થવીર પદ (૫) અને સાધુ પદ (૭) માં સંકલન થાય. વાત એ છે કે જે સ્થાને જેની મુખ્યતા હોય તે ગુણને પ્રાધાન્ય આપવું. બાકી વીશ સ્થાનકો ખૂબ વિચારવા યોગ્ય છે, સમજવા યોગ્ય છે, આદરવા યોગ્ય છે, સેવવા યોગ્ય છે, આરાધવા યોગ્ય છે અને સંસારસાગર તરી જવાની આકાંક્ષા ઇચ્છા કે ભાવના થઇ હોય તેને પ્રત્યેક પદ પ્રવહણ–નૌકાનું કામ આપી શકે એટલી તાકાત અને શકયતા પ્રત્યેક પદમાં છે. પુન્યપ્રકૃતિનો મહાન પુંજ તીર્થંકરપદમાં છે અને સંસારનો પાર પામવાની અને દુનિયા પર ઉપકાર કરવાની વિશિષ્ટતા તેના ઉચ્ચમાં ઉચ્ચ આકારમાં તીર્થંકર-પદમાં છે અને જેને સ્વપર શ્રેય કરવું હોય અથવા પરોપકાર કે પરહિત દ્વારા જેણે પોતાનું હિત સાધવું હોય તેણે આ પદ-પદો કે પદોમાંના બને તેટલાં સેવવા યોગ્ય છે. એની સેવા આરાધના કરતી વખતે તીર્થંકર પદ પ્રાપ્ત કરવાની ઇચ્છા કરવાની ન હોય, પણ પ્રત્યેક પદ કે સમુચ્ચયે વીશે પદ મહાન લાભ કરી આપનાર સ્થાન છે અને એનો આશ્રય કરી અનેક પ્રાણીઓ તરી ગયા છે. તીર્થંકરપદ પ્રાપ્તિ એ એનું પરિણામ છે મહાવીર પરમાત્માના જીવે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સેવાવૃત્તિનો પરિમલ

લેખક—સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ, માલેગામ

એક સુભાષિતકાર કહે છે કે, સેવાધર્મ ઘણો ગહન અને સહેજે ન સમજી શકાય એવો હોવાથી યોગીજનો પણ એનું રહસ્ય સમજી શકતા નથી. સેવા કરવામાં સેવકને પોતાના સેવ્યની ફક્ત સેવા કરવાની હોય છે. તેનો કાંઇ બદલો મળે એવી અપેક્ષા હોતી નથી. એવી નિરપેક્ષ સેવા શી રીતે થઇ શકે?

સેવા તો પોતાના માલેક પાસે પગારની અપેક્ષા રાખે. અને જો એને પુરતો પગાર ન મળે તો એ પોતાના માલેકને તરછોડી બીજી નોકરી શોધે. કારણ એની એ સેવા નહીં પણ મજુરી હોય છે. એમાં સોદો હોય છે, આપ-લે હોય છે, ધંધો હોય છે. એટલે એની એ સેવા સાપેક્ષ અને બદલો મેળવવા માટેની હોય છે. એને લોકો સેવાનું નામ ભલે આપે પણ એમાં સેવાની ગંધ હોતી નથી. સેવામાં તો ફક્ત આપવાનું હોય, માગવાનું ન હોય.

આપણે નિત્ય મંદિરમાં જંઈ પ્રભુની સેવા-પૂજા કરીએ, સ્તુતિ ભક્તિ ઉચરીએ, ફળ-ફૂલ અને નૈવેદ્ય પ્રભુ આગળ ધરીએ અને અપેક્ષા રાખીએ કે, અમોને ધનધાન્ય સમૃદ્ધિ મળે, પુત્ર પરિવાર અને સુખ વૈભવ મળે એવી ભાવનાને અને ક્રિયાને આપણે સેવાનું ઉપમાન આપીએ એને સેવાનું નામ આપીએ છીએ. પણ આપણી એ ક્રિયા સાચી સેવાના ઉપમાનને પાત્ર હોતી નથી એ ધ્યાનમાં રાખવું જોઇએ. એટલે જ કહ્યું છે કે સેવાધર્મ જાણવો અને સમજવો યોગીજનોને પણ મુશ્કેલ હોય છે. આપણે ક્રિયાઓ કરીએ અને ખૂબ ધર્મસેવા કરી એવું અભિમાન ધરાવીએ એવી સેવાની રીતિ સુલભ હોત તો તેને ગહન કહેવાની શી જરૂર હતી?

પોતાની વાસનાની પૂર્તિ માટે માણસ ગમે તેવું અઘટિત અને કપરૂ કામ કરવાને અચકાતો નથી. એમાં એને ભીતિ કે કોઇની શરમ નડતી નથી. એના વિષય માટે એ દૃષ્ટિ છતાં અંધ બની જાય છે. એની એ મનોવૃત્તિ સેવાની વૃત્તિમાં જો હોય તો જ એને સેવાભાવનું ઉપમાન આપી શકાય. એવી અવસ્થામાં સેવક કહો અગર ભક્ત કહો જે આનંદ અનુભવે છે એનો પરિમલ અને એની ખુમારી અનેરી હોય છે. એ તો જે અનુભવે તે જ જાણી શકે. અન્યોને એની કલ્પના પણ આવવી શકય નથી.

પ્રભુ મહાવીર ભગવંત જેવા ગુરુ અને ગૌતમ ઋષિ જેવા ભક્ત એવી સેવાનો સ્વાદ ચાખી જાણ્યા. એ સેવા એટલે સેવા માટેની જ સેવા હતી. એમાં કાંઇપણ લેવાની કે માગવાની અપેક્ષા જ કયાં હતી? એમાં તો ગુરુ ગૌતમ મહાવીરમય થઇ ગયા હતા. પ્રભુ મહાવીર એ જ એમનું સર્વસ્વ હતું. ન મળે એમાં સ્વાર્થનું ઝેર. તેમ ન મળે એમાં કોઈ અપેક્ષા! ધન સંપદા કે વૈભવ તો શું પણ પ્રભુ પાસે મુક્તિની માગણી ગૌતમ કરતા નથી. એમણે તો પોતાને જ પ્રભુના ચરણે અર્પણ કરી દીધેલું હતું. ત્યારે પોતાને માટે માંગવાનો પ્રશ્ન રહ્યો જ કયાં? ગૌતમ ઋષિ તો એવું માનતા હતા કે, પ્રભુ મળ્યા એટલે

---

(શ્રી વર્દ્ધમાન-મહાવીર)

નંદનમુનિના પચીશમા ભવમાં આ વીશે પદની આરાધના કરી તેના પરિણામે એણે પોતાનાં ચીકણાં કર્મો પર વિજય મેળવ્યો અને અંતે ભારતભૂમિને પવિત્ર કરી અનેકને માર્ગ બતાવી પોતે અનંત સુખભાગી થયા અને અનેકને એ પવિત્ર પંથે ચઢાવી દુનિયા પર એક અનુકરણીય પૂજનીય દાખલો મૂકી ગયા. વીશ સ્થાનકો સમજવા એ જૈનધર્મની ચાવી સમજવા જેવું છે. એની સ્પષ્ટ સમજણમાં લગભગ આખો ચરણકરણાનુયોગ બરાબર આવી જાય તેમ છે, એની મહત્તા ભારે ઉચ્ચ પ્રકારની છે અને એમાંનાં કોઇ કોઇની આસેવના પણ પ્રાણીને ઉન્નતકક્ષામાં વગર શકે મૂકે તેમ છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મને તો બધું જ મળી ગયું. મારૂં સર્વસ્વ એ જ છે, ગૌતમ પોતાને જ પ્રભુના ચરણે અર્પણ કરી કૃતાર્થ થયા હતા. એમની પાસે પોતે અને પોતાનું કહી શકાય એવું રહ્યું જ ક્યાં હતું ? જે નદી પોતાનું બધું જ સમુદ્રને અર્પણ કરી પોતે કૃતાર્થ થાય તેમ ગૌતમ પ્રભુના ચરણે ખુદ પોતાને જ દઇ પરમ પાવન થયા હતા. એવી સેવાનો પરિમલ સામાન્ય ભક્તોને ક્યાંથી મળે ? એ તો "જીસકુ પાયા ઉસને છુપાયા !" એનું વર્ણન શબ્દો દ્વારા કોણ કરી શકે ?

આપણે જે સેવા ભક્તિ કે ઉપાસના કરીએ છીએ તેને સાચી સેવાનું ઉપમાન આપી શકાય નહીં. કારણ એવી સેવા તે વેપારી લેવડ દેવડ જેવી સોદાબાજી જેવી હોય છે. એમાં ઉપાસ્ય અને ઉપાસક વચ્ચે સોદો અને કરાર કરાય છે. અમુક કરીએ તો તેનું ફળ અમુક મળે એવું ગણિત હોય છે, આપ–લે હોય છે ક્રય વિક્રય હોય છે, અને ઉપાસક કે સેવકની દૃષ્ટિ ફળ મળવા તરફ કેંદ્રિત થએલી હોય છે. એને સેવાનું નામ આપવું એ ભ્રમણા છે. સેવામાં ફક્ત આપવાનું હોય માગવાનું કે લેવાનું ન હોય ! ફળ મેળવવાની આકાંક્ષા સરખી પણ ન હોય તો જ તે સેવા ગણાય અને તે સેવકને સેવાનું પરિમલ ચાખવાને મળે અન્યથા નહીં.

એક ભોળા ભગતે ગાંધીજીને કોઈ દેવતા માની પોતાને અમુક લાભ થાય તો અમુક રૂપિયા અર્પણ કરીશ એવી માનતા કરી. દૈવયોગે એની માનતા ફળીભૂત થઈ. ત્યાએ એ પોતે માનેલા રૂપિયા લઇ ગાંધીજી પાસે પોતાની માનતા પૂરી કરવા આવ્યો. ગાંધીજી આગળ રૂપિયા મૂક્યા. ગાંધીજીએ સવાલ કર્યો: તારી માનતા સફળ ન થઈ હોત તો મને સજા કરવા તૂં આવ્યો હોત કે નહીં ? એના જવાબમાં એ શું કહે ! એ ઉપરથી શું સિદ્ધ થાય છે ? કરારનામું કરીને કરેલી સેવા એ સેવા કહેવાય જ નહીં. એ તો સીધી આત્મવંચના જ ગણાય. જગમાં આવી જ વિકૃત અને દૂષિત સેવા ભકિત પ્રચલીત થઇ રહી છે.

બીજા ભોળા ભગતો સેવા ભકિતના બદલામાં નામના કીર્તિ અને મોટાઇની અપેક્ષા રાખે છે. પોતાને પૂજ્યતા મળે, લોકો પોતાનું ગુણ કીર્તન અને વાહવાહ પોકારે, પોતાના નામનો જયજયકાર ઉચરે, પોતાના નામની તકતી જડાય, પોતાનો ફોટો રંગાય, છાપામાં ફોટા સાથે ફક્ત પોતાના ગુણોની જ પ્રશંસા છપાય, ઇત્યાદિ અનેક જાતની અપેક્ષા રાખે. એમની એવી સેવા પણ સ્વાર્થદૂષિત તો ગણાય જ ને ! 'અબધુ નિરપેક્ષ વિરલા કોઇ' એ સંતવાણીથી આપણને કેવો બોધ આપી જાય છે ?

એક સુવિદ્ય બંધુએ અમોને પ્રશ્ન કર્યો કે, આપણે દરેક કાર્ય કોઇને કોઈ લાભના ઉદ્દેશથી પ્રેરાઇને કરીએ છીએ ત્યારે ધર્મના અનુષ્ઠાનો કે ક્રિયા કરવાનો એવો જ કોઈ ઉદ્દેશ હોવો જોઇએ. તે વગર ધર્મક્રિયા કોણ અને શા માટે કરે ? એ પ્રશ્ન એમણે જાણે અમોને નિરૂત્તર કરવા માટે જ કર્યો હોય એવો એમનો ભાવ હતો. અમોએ એમને પ્રશ્ન કર્યો કે, ભાઈ તમોને અમો સામો પ્રશ્ન કરીએ છીએ કે, નદી શા માટે વહે છે. મેઘ શા માટે વરસે છે. ઝાડો ફળો અને ફૂલો શા માટે ઉત્પન્ન કરે છે. માતા બાળક ઉપર શા માટે પ્રેમ કરે છે. સ્ત્રી પુરુષ અરસપરસ પ્રેમ શા માટે કરે છે. ગુરુ શિષ્યને આત્મવત્ શા માટે બનાવવા મથે છે ? એ બધા પ્રશ્નોનો જવાબ એક જ હોય કે એમને એમ કર્યા વિના ચાલતું નથી. એમનો એ સ્વભાવ વિશેષ બની ગએલો હોય છે. વ્યસની પોતાનું વ્યસન ઇચ્છા છતાં છોડી શકતો નથી. ગાયકને ગાયા વિના સમાધાન થતું નથી. કવિના મુખમાંથી કાવ્યપંક્તિઓ સરી પડે છે. લેખકને અનેક વિષયો સૂઝી આવે છે. એમાં પોતપોતાના વિષયની પૂર્તિ કર્યા વિના તેમનાથી રહી શકાતું નથી. એવી જ રીતે સાચા ભક્તને પોતાના ઇષ્ટદેવની સેવા કર્યા વિના ચેન પડતું નથી. એમાં એને કંઈ ઇચ્છા થતી જ નથી. એ સ્વભાવથી જ સેવા કરવા મંડી પડે છે. એમાં ફક્ત આપ વાની જ ભાવના કામ કરે છે. માગવાની નહીં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યારે કોઈ એવો પ્રશ્ન કરે કે, આપણે ભલે સ્વાર્થપ્રેરિત થઈ ધર્મક્રિયા કરતા હોઈએ, પણ એનું કાંઈ ને કાંઈ ફળ તો મળવાનું હશે જ ને ? તેના જવાબમાં અમે કહીશું કે, કેમ નહીં મળે ! ફળ તો મળશે જ. ક્રિયાની પ્રતિક્રિયા તો જરૂર થવાની જ. પણ એ ફળ કેવું હોય ! એક તોલો સોનું વેચી મુઠીભર ચણા મમરા ખરીદ કરવા જેવું થાય. એમાં સંપૂર્ણ ફળ હોય જ ક્યાંથી ? ફળની આકાંક્ષા રાખવી એ સેવાભક્તિનો દોષ છે, એમાં આશા અને નિરાશનો ખેલ જામે છે. અને ભક્ત એના વમળમાં ફસાઈ પોતાના ઈષ્ટદેવને જ ભૂલી જાય છે. એની નજર સામે તો ફરજ તરવરે છે. અને એ ફળ મેળવવાની ધુનમાં જ સાચી સેવા ભૂલી જાય છે. ભગવદ્ગીતામાં પણ શ્રી કૃષ્ણ અર્જુનને ઉપદેશ આપતા કહે છે કે, કર્મ કરવું એટલો જ તારો અધિકાર છે. ફળ મેળવવા માટે તારે એની ચિંતા કરવાની જરૂર નથી.

નિઃસ્વાર્થ થઈને જે દાન અપાય છે તેની ખુબી અને તેનો આનંદ કે પરિમલ આત્માને જે આનંદ સુખ અને સમાધાનનો જે પરિમલ ચખાડે તે તો અનુભવીઓ જ જાણી શકે, બીજાઓ નહીં.

સામાન્ય પૂજા સેવા કે ભક્તિના એવા અપૂર્વ આત્મિક આનંદનો પરિમલ હોય જ ક્યાંથી ? જૈન શાસ્ત્રકારો નિયાણું કે નિદાન બંધન કરવા ચોખ્ખી ના પાડે છે. નિદાન બંધ કરી લેવાથી આપણી સેવા ભક્તિને મર્યાદા પડી જાય છે. અર્થાત્ એનું ફળ ટૂંકું અને મર્યાદિત બની જાય છે. એવી ભક્તિ એ સમુચિત ભક્તિ થઈ શકતી નથી. એટલે જ અમો કહીએ છીએ કે, સેવાનો આનંદ અને પરિમલ પ્રાપ્ત થવાનો હશે તો તે નિઃસ્વાર્થે કરેલી સેવામાં જ થઈ શકે. સ્વાર્થ એ અધ્યાત્મના રાજ્યમાં ઝેર ગણાય છે. આ સંસાર સ્વાર્થના વિષથી જ લાંબો અને ખારો બની જાય છે.

નિદાન બંધન ટાળવાનું કહ્યું છે તેનો હેતુ એવો છે કે, એ ભાવનામાં શરીર એટલે હું. શરીર સિવાય સાચો હું કોઈ બીજો છે, અર્થાત્ આત્મા એ સાચો હું છું, એ ભાવના જ ભૂલી જવાય છે. અનાત્માને અર્થાત્ જડને જ ચૈતન્યનું સ્થાન આપી દેવાને લીધે સત્ય વસ્તુ જ ભૂલાય છે. અર્થાત્ ચોરને જ માલેકની જગ્યા ઉપર બેસાડી દેવામાં આવે છે. અને આત્માને જ ભૂલી જઈ ક્ષણભંગુર પરિવર્તનશીલ શરીરને જ આત્મા માની આપણે કાર્ય કરતા રહીએ અને શરીરની વાસનાને જ પૂર્ણ કરવાની ઇચ્છા રાખી સેવાભક્તિનું કાર્ય કરતા હોઈએ ત્યારે શ્રેય કોનું થાય જડ એવી અનાત્મ વસ્તુનું કે આત્માનું ? એટલે જ સેવાનું નિદાન બાંધી તેને મર્યાદિત કરી તેનો સાચો આનંદ અને પરિમલ નષ્ટ કરવો એ અનુચિત ગણવામાં આવે છે.

આપણી સેવા એ દૂષિત છે અને સાચી સેવા આપણે કરી શકતા નથી. માટે હાલમાં કરીએ છીએ એ સેવા જ મૂકી દેવી શું ખોટી છે ? એવો કોઈ પ્રશ્ન કરે તેને અમારો જવાબ એવો છે કે, અમારો ઉદ્દેશ આપની આગળ આદર્શ ખડો કરવાનો છે. તમને સેવાધર્મથી પરાવૃત્ત કરવાનો નથી. સાચી સેવા અને તેથી થતો સાચો આનંદ શી રીતે મેળવી શકાય અને આત્માને પરિમલવાસિત શી રીતે કરી શકાય એવો આદર્શ અને સાચો ધ્યેયબિંદુ આપની આગળ રજુ કરવાનો અમારો ઉદ્દેશ છે. એમ કરવાથી જિજ્ઞાસુઓ એ સાધ્યબિંદુ તરફ શક્તિ વાળતા રહે એ જ હેતુ છે. શાસનદેવ એવી રૂડી મતિ સહુને સુઝાડે અને તેથી બધાઓ આત્મકલ્યાણના માર્ગે સંચરે એવી મહેચ્છા સાથે વિરમિએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# બે બાંધવો વચ્ચેનું દારુણ યુદ્ધ

પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ.

સાહિત્ય એટલે જાતજાતની વિગતો અને વિવિધ વર્ણનોનો ભંડાર આ વર્ણનોમાં યુદ્ધનો પણ સમાવેશ થાય છે અને એ સ્વાભાવિક છે, કેમકે જ્યાં સુધી આ સંસાર છે ત્યાં સુધી યુદ્ધનો પૂરેપૂરો સંભવ છે. આમ હોઈ આપણા આ દેશમાં તેમ જ વિદેશોમાં પ્રાચીન સમયમાં યુદ્ધો થયાં છે. જૈન સાહિત્યમાં આ દેશ પૂરતાં કેટલાંક યુદ્ધોનો ઉલ્લેખ જોવાય છે. એ સૌમાં આ ચાલુ 'હુંડા' અવસર્પિણીમાં થયેલું પહેલું ભયંકર-દારુણ યુદ્ધ તે ઋષભદેવના બે પુત્રો નામે **ભરત** અને **બાહુબલિ**-એબાંધવો વચ્ચેનું છે. આનાં વર્ણનો કેટલાક જૈન ગ્રંથોમાં મળે છે. નવાઈની વાત એ છે કે **જંબુદ્દિવપણ્ણત્તિ** (જંબૂદ્દીપપ્રજ્ઞપ્તિ)માં **ભરત**ની છ ખંડની સાધનાનો-એઓ ચક્રવર્તી થયાનો વિસ્તૃત વૃત્તાન્ત અપાયો છે પરંતુ એમનું બાહુબલિ સાથેના યુદ્ધ વિષે કશો ઉલ્લેખ જણાતો નથી. અન્ય ઉપલબ્ધ આગમો પૈકી કોઇ પણ આગમમાં આ યુદ્ધ વિષે ઇસારો સરખો પણ હોય તો તે આગમ અને તદ્દગત સ્થળની નોંધ થવી ઘટે. હાલ તરત તો હું અનાગમિક અને તે પણ મુખ્યતયા શ્વેતાંબરીય સાહિત્યનો જ વિચાર કરું છું.

**ધનેશ્વરસૂરિ**એ **શત્રુંજયમાહાત્મ્ય** રચ્યું છે. એ વિ. સં. ૪૭૭ માં રચાયાનો ઉલ્લેખ છે પરંતુ એમાં કુમારપાળ વગેરેનો નિર્દેશ છે એટલે એ નિર્દેશ પ્રક્ષિપ્ત ન જ હોય તો આ કાવ્યનો રચના સમય વિક્રમની તેરમી સદી જેટલો અર્વાચીન માનવો પડે. આ [1]કાવ્યના ચતુર્થ સર્ગમાં **ભરત** અને **બાહુબલિ**

દિગંબર આચાર્ય **રવિષેણે** વીર સંવત્ ૧૨૦૪ માં અર્થાત્ વિ. સં. ૭૩૪ માં **પદ્મપુરાણ** રચ્યું છે.

૧ આની કોઇકે વ્યાખ્યા રચી છે અને રવિકુશલના શિષ્ય દેવકુશલે વિ. સં. ૧૬૬૭ માં બાલાવબોધ રચ્યો છે.

વચ્ચેના યુદ્ધનું વર્ણન છે.

એમાં અને એની વચનિકામાં આ યુદ્ધ વિષે સંક્ષિપ્ત લખાણ છે જિનસેનનો **આદિપુરાણ**માં અને પુષ્પદન્તનો **મહાપુરાણ**માં આ યુદ્ધ વિષે ઉલ્લેખ છે કે નહિ તેની તપાસ કરવી બાકી રહે છે.

- કલિકાલસર્વજ્ઞ હેમચન્દ્રસૂરિએ કુમારપાલની અભ્યર્થનાથી રચેલા **ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર** (પર્વ ૧)માં પ્રસ્તુત યુદ્ધનું વિસ્તૃત વર્ણન છે.

**શાલિભદ્રસૂરિ**એ વિ. સં. ૧૨૪૧ મા [2]ભરહેસર-બાહુબલિ-રાસ રચ્યો છે. એમાં ઠવણિ ૧૧-૧૩ માં એમણે આ યુદ્ધ વર્ણવ્યું છે. એ ઉપર્યુક્ત **શત્રુંજય-માહાત્મ્ય** (સર્ગ ૪) સાથે સરખાવી શકાય તેમ છે.

**પદ્મમંત્રી**ની પ્રાર્થનાથી **અમરચન્દ્રસૂરિ**એ હેમ-ત્રિષષ્ટિને અનુસરીને પદ્માનન્દ મહાકાવ્ય રચ્યું છે. એના સર્ગ(સર્ગ ૧૭)માં આ યુદ્ધનું વર્ણન છે. અહીં દૃષ્ટિ-યુદ્ધ, વાગ્યુદ્ધ અને મુષ્ટિયુદ્ધનો ઉલ્લેખ છે. આ ત્રણે જાતનાં યુદ્ધમાં બાહુબલિ ભરતને હરાવે છે અને અંતે શ્રમણતાને-કેવલલક્ષ્મીને વરે છે. **સોમ-ચંદ્રજીગણિ**એ વિ.સં. ૧૫૦૩ ના અરસામાં જે **યુગા-દિદેશના** રચી છે તેના પાંચમા ઉલ્લાસ (શ્લો. ૫૭૦)માં આ યુદ્ધનો ઉલ્લેખ છે.

**પજ્જોસવણાકપ્પ** ઉપર અનેક ટીકાઓ રચાઈ છે. વૈયાકરણ વિનયવિજય ગણિએ વિ. સં. ૧૬૯૬માં કલ્પ-સુબોધિકા રચી છે. એમાં આ યુદ્ધનું વર્ણન છે, જ્યારે ધર્મસાગરગણિએ આ પૂર્વે વિ સં. ૧૬૨૮માં રચેલી **કલ્પકિરણાવલી**માં નથી. આ

૨ આ સમગ્ર ગુજરાતી ઉપલબ્ધ સાહિત્યમાં પ્રથમ કૃતિ છે. એનો પરિચય મેં "ગુજરાતી જૈન સાહિત્ય: રાસસન્દોહ" (લેખાંક ૨)માં આપ્યો છે. આ રાસ બે સ્થળેથી પ્રસિદ્ધ કરાયો છે. તેમાં 'છાયા'વાળા પ્રકાશનમાં પં. લાલચન્દ્ર ભ. ગાંધીએ "ભરત-બાહુબલિ-સાહિત્ય"નું દિગ્દર્શન કરાવ્યું છે. એ આ લેખ તૈયાર કરવામાં પ્રેરક અને સહાયક બન્યું છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરિસ્થિતિમાં **પજ્જોસવણાકપ્પની** અન્ય પ્રાચીન ટીકાઓ જોઈ જવી જોઈએ.

ન્યાયાચાર્ય **યશોવિજયગણિએ** [1]**આર્ષભીય-ચરિત** રચ્યું છે. એના તૃતીય સર્ગમાં કહ્યું છે કે ચક્રરત્ન આયુધશાળામાં પેસતું નહિ હોવાથી **ભરતને** એના પોતાના મંત્રીએ **બાહુબલિ** સાથે યુદ્ધ કરવાની સલાહ આપી. આ કૃતિ પૂરેપૂરી મળતી નથી. એ સંપૂર્ણ રચાઈ હશે જો એમ જ હોય તો એમાં પ્રસ્તુત યુદ્ધ વર્ણવાયું હશે.

સંઘવી શ્રાવક ઋષભદાસે વિ. સં. ૧૬૭૮માં ભરતેશ્વર રાસ રચ્યો છે. એમાં ઢાલ ૪૦-૪૬માં પૃ. ૫૨-૬૧ ( આનંદકાવ્યમહોદધિ મૌકિતક ૩ )માં યુદ્ધનું વિસ્તૃત વર્ણન છે.

જિનહર્ષગણિએ વિ. સં. ૧૭૫૫માં શત્રુંજય તીર્થરાસ રચ્યો છે એમાં દ્વિતીય ખંડની ઢાલ ૨૩-૨૮માં પૃ. ૧૪૭-૧૬૬ (મૌક્તિક ૪)માં યુદ્ધ વિષે માહિતી અપાઈ છે.

વિ. સં. ૧૭૮૨માં હંસરત્ને ઉપર્યુક્ત **શત્રુંજય-માહાત્મ્યના** આધારે ગદ્યમાં સંસ્કૃતમાં **શત્રુંજય-માહાત્મ્ય** રચી એમાં પ્રસ્તુત યુદ્ધ વર્ણવ્યું છે.

ઉપાધ્યાય દર્શનસાગરે વિ. સં. ૧૮૨૪માં જે **આદિનાથ-રાસ** રચ્યો છે તેમાં **ભરત** અને **બાહુ-બલિ** વચ્ચેના યુદ્ધનું વર્ણન છે.

**દૃશ્ય**—આબુની વિમલવસહીમાં વિ. સં. ૧૨૦૬ના અરસામાં પ્રસ્તુત યુદ્ધનું દ્રશ્ય કોતરાવાએલું છે. આવું શિલ્પકાર્ય અન્યત્ર ક્યાં ક્યાં છે તેની તપાસ કરાવી ઘટે.

**પજ્જોસવણાકપ્પની** કોઇ કોઈ સચિત્ર હાથ-પોથીમાં આ યુદ્ધ આલેખાયેલું છે.

આ પ્રમાણે સમય અને સાધન અનુસાર મેં આ અવસર્પિણીના આદ્ય યુદ્ધને લગતી [2]કૃતિઓ વગેરેનો નિર્દેશ કર્યો છે. એને લક્ષ્યમાં રાખી પ્રસ્તુત યુદ્ધનાં વિવિધ વર્ણનોને રજૂ કરતું એક સચિત્ર પુસ્તક તૈયાર કરાય અને સાથે સાથે વિયાહપણ્ણત્તિમાં અર્થાત્ ભગવતી સૂત્ર ( સયગ ૭, ઉ. ૯)માં વર્ણ-વાએલાં 'મહાશિલાકંટક' અને 'રથમુસલી' નામના કાળના બે સંગ્રામને પણ એમાં સ્થાન અપાય તો 'વીર'રસના અર્થીઓને જૈન સાહિત્ય કેવી રીતે અને કેટલે અંશે સંતોષ આપી શકે તેમ છે તે જાણવાનું મળી રહે.

અંતમાં આવાં યુદ્ધો કરતાં પણ સંસારી આત્મા-ઓની ખાનાખરાબી કરનાર અંતરંગ શત્રુઓ સાથેના એમનાં યુદ્ધો વધારે ભયંકર અને દીર્ઘકાલીન છે તો એ યુદ્ધોમાં વિજેતા બનવાનો સુયોગ સૌ કોઈ મુમુક્ષુને સાંપડે એ અભિલાષા દર્શાવતો હું વિરમું છું.

---

૧ આનો પરિચય મેં **યશોદોહન** ( ખંડ ૨, ઉપ-ખંડ ૨, પ્રકરણ ૨ )માં આપ્યો છે. આ મારું પુસ્તક હવે છપાય છે ખરું પરંતુ એમાં મારી સંમતિ વિના-મનસ્વીપણે ફેરફાર કરીને અને અન્ય પાસે મુદ્રણપત્રો તપાસાવી એમ કરાય છે અને એથી મુદ્રણદોષો અને અર્થદોષો પણ ઉદ્ભવ્યા છે એમ જાણવા મળે છે. મને મારું લખાણ ફરીથી તપાસી જવા માટે અપાયું નથી.

૨ કોઈ મહત્ત્વની કૃતિ કે નોંધપાત્ર દ્રશ્ય વિષે ઉલ્લેખ કરવો રહી જતો હોય તો તે સૂચવવા તજજ્ઞોને મારી સાદર વિજ્ઞપ્તિ છે.

---

## સભાસદોને સૂચના

બહારગામના લાઇફ મેમ્બરોમાંથી કેટલાંએક બંધુઓએ પોસ્ટેજ મોકલીને **ભારતીય દર્શનની રૂપરેખા** નામનું પુસ્તક (સં. ૨૦૨૦ની સાલનું ) ભેટ તરીકે પોસ્ટેજના ૩૦ નયા પૈસા મોકલી મંગાવી લીધું છે. હજુ જેઓએ ન મંગાવ્યું હોય તેઓએ જલ્દીથી મંગાવી લેવા તસ્દી લેશો.

**—જૈન ધર્મ પ્રસારક સભા–ભાવનગર**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આગમોની અદીર્ઘ રૂપરેખા ( લેખાંક : ૨ )

લેખક : **પ્રા. નર્મદાશંકર શાસ્ત્રી,** એમ,એ., સાહિત્યાચાર્ય, ભાવનગર.

૨ સૂત્રકૃતાંગસૂત્ર–શ્રી સુધર્માસ્વામી ગણધરની પ્રવર્તમાન દ્વાદશાંગીમાં આ સૂત્રકૃતાંગ બીજું સૂત્ર કહેલ છે, તેથી શ્રી આચારાંગસૂત્રના અઢાર હજાર પદો હોવાથી આ સૂત્રના ૩૬ હજાર પદો સમજવા. આ બીજા આગમમાં ૮૨ સૂત્રો છે અને સૂત્ર ગાથા ૭૨૩ છે તથા નિર્યુક્તિની ગાથા ૨૦૫ છે. આ સૂત્રમાં બે શ્રુતસ્કંધો છે. તેમાં પહેલાં શ્રુતસ્કંધનું ગાથા ષોડશક નામ છે જેમાં સોળ અધ્યયનો આવે છે તેના નામ આ પ્રમાણે છે-સમયાધ્યયન, વૈતાલીય, ઉપસર્ગપરિજ્ઞા, સ્ત્રીપરિજ્ઞા, નરકવિભક્તિ, શ્રી મહાવીર સ્તુતિ, કુશીલ પરિભાષિત, વીર્યાધ્યયન, ધર્માધ્યયન, સમાધિ અધ્યયન, મોક્ષમાર્ગાદયયન, સમવસરણ, યાથાતથ્ય, ગ્રંથાધ્યયન, યમકીય અને ગાથાધ્યયન. બીજા શ્રુતસ્કંધમાં સાત અધ્યયનો છે તેના નામ આ પ્રમાણે છે–પુંડરિક ક્રિયાસ્થાન, આહારપરિજ્ઞા, પ્રત્યાખ્યાનક્રિયા અનગાર શ્રુત, આર્દ્રકીય અને નાલંદીયાધ્યયન.

આ બીજા અંગના બે શ્રુતસ્કંધના ૨૩ અધ્યયનોનું મૂલસૂત્રોનું પ્રમાણ ૨૧૦૦ શ્લોક છે. શ્રી ભદ્રબાહુસ્વામીએ આર્યા છંદમાં પ્રાકૃત ૨૦૮ (૨૦૫) ગાથા પ્રમાણ નિર્યુક્તિ રચી. તેનું પ્રમાણ ૨૬૫ શ્લોક છે. ચૂર્ણિકર્તા જિનદાસ ગણિ છે. ચૂર્ણિનું પ્રમાણ ૧૦૦૦૦ શ્લોક છે. શ્રી શીલાંકાચાર્યે મૂલ સૂત્ર અને નિર્યુક્તિને અનુસારે ૧૨૮૫૦ શ્લોક પ્રમાણ સંસ્કૃત ટીકા બનાવી છે. આ બીજા સૂત્રના ગુજરાતી –હિન્દી ભાષાન્તરો થયાં છે જર્મન જેકોબીએ આ સૂત્રનું અંગ્રેજીમાં ભાષાન્તર કર્યું છે.

આ બીજા અંગમાં જ્ઞાન વિનયાદિ ગુણોનું વર્ણન છે અને બીજા ધર્મના પણ આચારોનું વર્ણન કરવામાં આવેલ છે. પ્રભુ શ્રી તીર્થંકરદેવે કહેલો અહિંસા પ્રધાન ધર્મ શ્રેષ્ઠ છે તે જાતની પ્રતીતિ આ અંગ વાંચવાથી વાંચકને થયા વિના રહેતી નથી. તે પ્રમાણે ૩૬૩ કુવાદીઓના નિયમોનું પણ વર્ણન કરેલ છે.

તેવીસેય અધ્યયનોનો સાર આ પ્રમાણે છે. જૈન સિદ્ધાંતોની અને જૈનેતર સિદ્ધાંતોનું વર્ણન કરતાં પંચમહાભૂતિકવાદ, એકાત્મવાદ તજ્જીવતચ્છરીરવાદ, સાંખ્યવાદ, આત્મષષ્ઠવાદ, પંચસ્કંધવાદ, નિયતિવાદ, અક્રિયાવાદ, જગદુત્પત્તિવાદ અને લોકવાદ બતાવી સ્યાદ્વાદ શૈલીથી તે બધા વાદોનું અનુચિતપણું સિદ્ધ કરી જૈન દર્શનની મહત્તા બતાવેલ છે. કહેવાનો આશય એ છે કે અહિંસા એ ધર્મરૂપી મહેલનો પાયો છે. જેના પાયામાં ધૂળ હોય-હિંસા હોય તે મહેલ પણ કદી ટકી શકે જ નહિ. આગળ ચાલતાં વૈરાગ્યાદિનો ઉપદેશ કરવામાં આવ્યો છે જેના ઉપર ટીકાકાર સમજાવતાં જણાવે છે કે–પ્રભુ શ્રી ઋષભદેવે રાજ્યના અભિલાષી પોતાના ૯૮ પુત્રોને પ્રતિબોધ કરી ખરા આત્મિક રાજ્યને સમજાવી નિર્મળસંયમના સાધક બનાવવાના આશયથી જે ઉપદેશ આપ્યો તે ઉપદેશ આ સૂત્રમાં જણાવ્યો છે. ખાસ કરીને વૈરાગ્યાદી ભાવને પ્રકટ કરનાર વૈતાલીય છંદ છે તેથી તેનો ઉપયોગ કર્યો છે. પ્રભુ શ્રી ઋષભદેવે અંગારદાહકનું દૃષ્ટાંત આપીને પોતાના પુત્રોને સમજાવ્યું છે કે–હે ભવ્ય જીવો! પોતાના આત્મિક ગુણમાં રમમાણ થવું તે જ સાચું સુખ છે–આત્મિક રાજ્ય છે. આ વ્યાવહારિક રાજ્ય તો ભવબંધનકર્તા છે અશાન્તિ આપનાર છે. ભોગમાં આસક્ત થનારાની તૃષ્ણા કદી શાન્ત થતી નથી, પરન્તુ ઉત્તરોત્તર વૃદ્ધિ પામતી જાય છે. આસક્તિ એ બંધનું કારણ છે અને વિરતિ એ મુક્તિનું કારણ છે. જેમ અંગારદાહકને સાગર વગેરેનું પાણી પીતાં પણ તૃષા શાન્ત થતી નથી તે પ્રમાણે વાસનાના ઉપભોગથી વાસના વધતી જાય છે. માટે અચળ વૈરાગ્ય ભાવથી સંયમને ધારણ કરો અને પરમપદના



For Private And Personal Use Only

અવ્યાબાધ સુખને પામો. સાથોસાથ જણાવ્યું છે કે મોક્ષમાર્ગના આરાધક ભવ્ય જીવો એ ઉપસર્ગોની હકિકત જાણી તેવા-ઉપસર્ગના પ્રસંગે ધૈર્ય રાખી સમજવું જોઇએ કે-"કર્મનિર્જરાના આ ઉપસર્ગો અપૂર્વ સાધનો છે." એમ સમજીને સહન કરવા અને આત્મધર્મથી ચલિત થવું નહિ. આગળ ચાલતાં સ્ત્રીઓના સંસર્ગાદિથી થતા ગેરલાભ બતાવી આત્મહિત સાધવાનો ઉપદેશ આપ્યો છે, નરકમાં લઇ જનાર વિષય કષાયો છે તેથી પ્રત્યેક જીવે તેનો ત્યાગ કરવો જરૂરી છે. આગળ જતાં ૩૬૩ પાખંડીના મતોનું વર્ણન કરી જૈન દર્શનની દ્રષ્ટિએ તે સર્વેની ન્યૂનતા જણાવી જૈન દર્શનની મહત્તા સ્થાપી છે. તેરમાં અધ્યયનમાં ધર્મના યથાર્થ સ્વરૂપનું વર્ણન કરવામાં આવેલ છે. બીજા શ્રુતસ્કંધના પ્રથમ અધ્યયનનું નામ છે પુંડરીક. તેમાં પુંડરીક એટલે કમળ વગેરેનું દ્રષ્ટાંત આપી મોક્ષમાર્ગની આરાધનાનો અને મોક્ષના સુખ મેળવવાનો ઉપદેશ આપ્યો છે. સૂત્રકાર સમજાવે છે કે-જે વાવડીમાં ઘણું પાણી, કાદવ, ધોળા કમળો વગેરે પદાર્થો રહ્યાં છે તે વાવડીની વચમાં એક મુખ્ય મોટું કમળ છે, ત્યાંથી ચાર પુરૂષો પસાર થાય છે. પૂર્વ દિશામાંથી આવેલ પુરૂષે ધોળા કમળને જોઇને કહ્યું કે હું કુશળ છું, પંડિત છું, તથા માર્ગ જાણું છું. તેમ કહી ધોળા કમળને લેવા જાય છે ત્યાં તે કાદવમાં ખૂંચી જાય છે. આ પ્રમાણે બાકીના ત્રણેય પુરૂષોની દશા થઈ. આ વખતે રાગાદિ દોષોથી પર એક નિગ્રંથ મહાપુરૂષ ત્યાં પધારે છે તેમણે ચાર પુરૂષને વાવડીમાં ખૂંચેલા જાણ્યા તેથી તે કાંઠે ઉભા રહીને કહે છે કે "હે ધોળા કમળ, તું અહીં આવ" એમ કહેતાં વેંત જ તે કમળ તે મહાપુરૂષની પાસે આવ્યું. આ દ્રષ્ટાંત અહીંયા પૂરૂં થાય છે. આ દ્રષ્ટાંતને સમજાવવા સારૂં પ્રભુ મહાવીરસ્વામી દ્રષ્ટાંતની ઘટના કરતા જણાવે છે કે, વાવડી એ સંસાર છે. એનું પાણી તે કર્મો, કાદવ જેવા કામભોગ સમજવા, જે ધોળા કમળો તે જનસમુદાય, ઉત્તમ કમળ તે રાજા, ચાર પુરૂષો અન્ય ધર્માવલંબીઓ અને મહાપુરૂષ તે જિનેશ્વરભાષિત ધર્મ સમજવો. મહાપુરૂષે જે ઉંચે સ્વરથી કહ્યું તે પ્રભુની દેશના છે. કમળ ઉડીને આવ્યું તે મુક્તિના સુખનો લાભ છે. આ રીતે દ્રષ્ટાંત ઘટાવી પ્રભુ ફરમાવે છે કે-હે ભવ્ય જીવો, તમો જિનોપદેશ સાંભળી તેનું મનન કરી કામભોગાદિ આશ્રવોનો ત્યાગ કરી સ્યાદ્વાદ શૈલીને આચરી શ્રી જિનધર્મની આરાધના કરશો તો અવ્યાબાધ સુખને પામશો, કહેવાનો આશય એ છે કે-આરંભાદિનો ત્યાગ, કામભોગથી વિરાગદશા, હું તે શરીર નથી અને શરીર તે હું નથી. આવું ભેદજ્ઞાન આત્મવીર્યોલ્લાસ વગેરે સાધનોની આરાધનાથી કેવળજ્ઞાન તથા મોક્ષનું સુખ પ્રાપ્ત થાય છે. પ્રભુએ દ્રષ્ટાંત દ્વારા કેટલું ઉત્તમોત્તમ જ્ઞાન આપેલ છે તે સહેજે જાણી શકાય છે. આગળ ચાલતાં સૂત્રકાર કહે છે કે-કર્મબંધના કારણભૂત અર્થદંડ, અનર્થદંડ વગેરે તેર ક્રિયાસ્થાનો છે. જે ઇર્યાપથિકી ક્રિયાસ્થાન સેવવાથી અલ્પકર્મ બંધાય છે. મમતાદિ દોષરૂપી કાદવમાં ખૂંચેલા સંસારી જીવો મહાઆરંભાદિ પાપેલ ભોગના સાધનો સેવી નરકના આકરા દુઃખો અનુભવે છે.

સંક્ષેપમાં આ સૂત્રકૃતાંગ આગમ દ્વારા ભવ્ય જીવોને ઉદ્દેશીને કહેલ છે કે સંયમથી દુઃખનો ક્ષય થાય છે અને મહાઆરંભાદિ ક્રિયાથી દુઃખની ઉત્પત્તિ થાય છે. માટે ભવભ્રમણથી મુક્ત થવું હોય તો જીવે આ આગમમાં કહેલ વાતોનું અધ્યયન કરી, મનન કરી અને આચારમાં મૂકી પોતાનું કલ્યાણ કરવા તત્પર થવું જોઇએ. માનવદેહ ગુમાવ્યા પછી આત્મકલ્યાણ સાધવાનું મુશ્કેલ છે. તેથી જ્યાં સુધી આ દેહ છે ત્યાં સુધી જરાપણ પ્રમાદ કર્યા વિના આત્મસાધનામાં તલ્લીન થવું જરૂરી છે. ક્રમશઃ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ગુણસ્થાનક પ્રત્યે સાત નયનું સ્વરૂપ

ડૉ. વલ્લભદાસ નેણસીભાઈ મોરબી

## પ્રથમ ગુણસ્થાનક પ્રત્યે સાત નયનું સ્વરૂપ :

પ્રથમ ગુણસ્થાનક તે જ કાર્ય લેવું છે, અને ત્યાં સાતમા નયની પૂર્ણતા કરવી છે. કાર્ય તે ઉપાદાન. તેના અંતના ચાર નય હોય અને કાર્યને પમાડનાર જે કારણ તેનું નામ નિમિત્ત કારણ તેના પ્રથમના ત્રણ નય હોય.

જે વખતે ભૌતિક ઇચ્છાનો ત્યાગ કરી વાસ્તવિક કલ્યાણ કરવાની જીવને તીવ્ર ઇચ્છા થાય ત્યારે ' નૈગમ નય ' કહેવાય.

ઇચ્છા થયા પછી કલ્યાણ કરવાનો જે સદ્‌ગુરુ સત્સંગ, સત્શાસ્ત્ર આદિ નિમિત્તો તેને મેળવવાનો પ્રયાસ કરે તે બીજો ' સંગ્રહનય ' કહેવાય.

તે સાધનો મળ્યા પછી સદ્‌ગુરુને શ્રદ્ધાપૂર્વક ઓળખી તેની આજ્ઞાએ વર્તે ત્યારે ત્રીજો ' વ્યવહાર નય ' કહેવાય. પ્રથમ ગુણસ્થાનક રૂપ કાર્ય કરવામાં સદ્‌ગુરુ નિમિત્ત કારણ છે તેની અત્રે પ્રાપ્તિ થઇ તેથી કારણની પૂર્ણતા થઇ. હવે કાર્ય બતાવે છે.

સદ્‌ગુરુની આજ્ઞાએ વર્તી, તેના ઉપદેશને શ્રવણ કરી, અંશે ત્યાગ વૈરાગ્યાદિ નિમિત્તોને પ્રાપ્ત કરી. પાંચ મિથ્યાત્વમાંથી પ્રથમ અભિગ્રહ મિથ્યાત્વનો નાશ કરે ત્યારે ચોથો ' ૠજુસૂત્ર નય ' કહેવાય.

ત્યાગ વૈરાગ્યાદિ નિમિત્તોને વિશેષ પ્રાપ્ત કરી બીજું અનભિગ્રહિક તથા ત્રીજું અભિનિવેશિક એ મિથ્યાત્વનો નાશ કરે ત્યારે પાંચમો ' શબ્દ નય ' કહેવાય.

ચોથા સાંશયિક મિથ્યાત્વનો નાશ કરી ત્યાગ, વૈરાગ્યાદિ નિમિત્તોની અંશે અપૂર્ણતા રહે ત્યારે છઠ્ઠો ' સમભિરૂઢ નય ' કહેવાય.

પાંચમા અનાભોગિક સહિત પાંચે મિથ્યાત્વનો નાશ કરી ત્યાગ વૈરાગ્યાદિ નિમિત્તોને પૂર્ણ રીતે પ્રાપ્ત કરે ત્યારે સાતમો ' એવંભૂત નય ' કહેવાય.

## ચોથા ગુણસ્થાનક પ્રત્યે સાત નય :

દરેક ગુણ સ્થાનકે નય લગાડતાં કલ્યાણ કરવાની જે તીવ્ર ઇચ્છા થાય ત્યાં જ પ્રથમ ' નૈગમ નય ' લાગુ પડે છે. અર્થાત્ કલ્યાણ કરવાની જે તીવ્ર ઇચ્છા તેને જ ' નૈગમ નય ' કહેવાય છે.

કલ્યાણ કરવાની તીવ્ર ઇચ્છા વા જીજ્ઞાસા તે ' નૈગમ નય ' તે જીજ્ઞાસા સહિત સદ્‌ગુરુ આદિ નિમિત્તોને પ્રાપ્ત કરવાનો જે પ્રયાસ તે ' સંગ્રહ નય '.

સમકિત પામવાના સદ્‌ગુરુ આદિ નિમિત્તોની પ્રાપ્તિની જે પૂર્ણતા થવી તે ' વ્યવહાર નય ' એ ત્રણ કારણ નય.

પાંચ મિથ્યાત્વ સહિત મિથ્યાત્વ મોહનીયનો નાશ તથા ત્યાગ.-વૈરાગ્ય સહિત પ્રથમ ગુણસ્થાનકની પ્રાપ્તિ થવી તે ' ૠજુસૂત્ર નય '.

પ્રથમ ગુણસ્થાનકની પ્રાપ્તિ કરી સમકિતનું સ્વરૂપ સમજવા સુવિચાર શ્રેણીને પ્રગટ કરવી જે શ્રેણીનું સ્થાન બીજું ગુણસ્થાનક છે તે ' શબ્દ નય '.

સુવિચાર શ્રેણીથી સમકિતનું વિશેષ સ્વરૂપ સમજવાથી આત્માની શુદ્ધિ થાય છે તેથી મિશ્ર મોહનીયનો નાશ થાય એવા ત્રીજા ગુણસ્થાનકની પ્રાપ્તિ થવી તે ' સમભિરૂઢ નય '.

આત્મ સ્વરૂપને યથાર્થ વિચારી, તે વિચારતાં સમકિત મોહનીયનો નાશ કરી સ્વસ્વરૂપ ઉપર જો અખંડ પ્રતીતિ રહે તો ક્ષયોપશમિક સમકિત થાય. અને ક્વચિત મંદ, ક્વચિત તીવ્ર, ક્વચિત સ્મરણ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તથા ક્વચિત વિસર્જનપણે પ્રતીતિ રહેતો ક્ષયોપશમ સમકિત થાય. સમકિત મોહનીય સાથે અનંતાનુબંધી કષાયની ચોકડીનો પણ નાશ થાય છે. તે નાશ સત્તામાંથી થાય તો ક્ષાયિક અને બંધમાંથી નાશ થાય તો ક્ષયોપશમ સમકિતરૂપ ચોથું ગુણસ્થાનક કહેવાય તે 'એવંભૂત નય'.

**કાર્યરૂપ છઠ્ઠા ગુણસ્થાનક પ્રત્યે સાત નય :**

કલ્યાણ કરવાની તીવ્ર જીજ્ઞાસા તે 'નૈગમ'

જીજ્ઞાસા સહિત સદ્‌ગુરુ આદિ સાધનો પ્રાપ્ત કરવાનો પ્રયાસ તે 'સંગ્રહ નય'.

પ્રયાસથી પ્રાપ્ત કરેલાં સાધનોની પૂર્ણતા થવી તે 'વ્યવહાર નય'.

મિથ્યાત્વ મોહનીયનો અંત તથા ત્યાગ-વૈરાગ્યાદિકની પ્રાપ્તિ સહિત પ્રથમ ગુણસ્થાનકની પ્રાપ્તિ થવી તે 'ૠજુસૂત્ર નય'.

સુવિચારશ્રેણીના સ્થાનવાળું ગુણસ્થાનક તથા સમકિત મોહનીય સહિત અનંતાનુબંધીની ચોકડીનો નાશ છે તેવા ચોથા ગુણસ્થાનકની પ્રાપ્તિ તે 'શબ્દ નય' કહેવાય. એટલે જે જીવ સમકિત પામ્યો છે તે વર્તમાને વિરતિભાવમાં નથી પરંતુ ભવિષ્યમાં થશે એમ શબ્દમાં આવવાથી બીજા, ત્રીજા તથા ચોથા એ ત્રણ ગુણસ્થાનકને 'શબ્દ નય' કહે છે.

પાંચમા ગુણસ્થાનકની શરૂઆતે અંશે વિરતિભાવ થાય છે પણ તેની પૂર્ણતાએ અંશે અપૂર્ણ વિરતિભાવ રહે છે. તેથી પાંચમા ગુણસ્થાનકને છઠ્ઠા નયમાં ગણે છે.

મન, વચન, કાયાના ત્રણે યોગ સહિત વિરતિભાવ પામીને સાધુપણાની દશા પ્રાપ્ત થાય તેનું નામ સર્વવિરતિ છઠ્ઠું ગુણસ્થાનક કહે છે તે 'એવંભૂત નય'.

**કાર્યરૂપ ૧૩ મા ગુણસ્થાનક પ્રત્યે સાત નયનું સ્વરૂપ :**

કલ્યાણ કરવાની તીવ્ર જીજ્ઞાસા તે 'નૈગમ નય'.

તે જીજ્ઞાસા સહિત સદ્‌ગુરુ આદિ સાધનો મેળવવાનો જે પ્રયાસ તે 'સંગ્રહ નય'.

તે સાધનોની પૂર્ણતા થવી તે 'વ્યવહાર નય'.

પહેલા, બીજા, ત્રીજા તથા ચોથા ગુણસ્થાનકની જે દશા થવી તે ચોથા નયમાં આવે છે કેમકે ચોથા નયમાં અંશ પણ ઉપાદાન આવવો જોઇએ તો અત્રે સંપૂર્ણ આત્મસ્વરૂપ તેરમે પ્રગટે છે અને અંશ આત્મસ્વરૂપ પહેલેથી ચોથા સુધીમાં પ્રગટે છે. માટે પ્રથમથી માંડી ચોથા સુધી ચારે ગુણસ્થાનકોને ચોથા 'ૠજુસૂત્ર નય'માં ગણે છે.

પાંચમા, છઠ્ઠા તથા સાતમા ગુણસ્થાનકની સંપૂર્ણ પ્રાપ્તિ. કેમકે શબ્દ નયનું સ્વરૂપ એવું છે કે જે કાર્ય થવાનું હોય તે અનુમાને કાર્ય થયેલાં પહેલા શબ્દમાં આવવું જોઇએ. માટે છઠ્ઠે ગુણસ્થાનકે રહેલો જીવ કેવળજ્ઞાનની તૈયારીમાં નથી કેમકે ત્યાં પણ ઘણો કાલ રહે છે પણ સાતમે ગુણસ્થાને આવેલો જીવ કેવળજ્ઞાનની તૈયારીમાં છે. માટે તે 'શબ્દ નય'માં આવે છે તેથી ત્રણે સ્થાનને સાથે લીધા છે.

૮, ૯, ૧૦, ૧૨ આ ચારે ગુણસ્થાનકો છઠ્ઠા નયમાં આવે છે. તે ચારેનો કાલ અંતર્મુહુર્ત જેટલો થોડો છે અને તે કાલે ક્ષપકશ્રેણીમાં હોવાથી સ્વરૂપના અખંડ વિચારમાં છે તેથી 'સમભિરૂઢ નય'

ચાર ઘાતિકર્મનો સર્વથી નાશ કરી અખંડ ઉપયોગાત્મક શુદ્ધ આત્મદ્રવ્યનું સંપૂર્ણપણે પ્રગટ થવું તે 'એવંભૂત નય'.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**કાર્યરૂપ ૧૪મા ગુણસ્થાનક પ્રત્યે સાત નયનું સ્વરૂપ :**

કલ્યાણ કરવાનો તીવ્ર જીજ્ઞાસા તે 'નૈગમ'.

સદ્‌ગુરુ આદિ સાધનો મેળવવાનો જે પ્રયાસ તે 'સંગ્રહ નય'.

નિમિત્ત કારણ સાધનોની પૂર્ણતા થવી તે 'વ્યવહાર નય'

૧, ૨, ૩, ૪ આ ચારે ગુણસ્થાનકોની પ્રાપ્તિ થવી તે 'રૂજુસૂત્ર નય'.

૫, ૬, ૭માં ગુણસ્થાનકની પ્રાપ્તિ થવી તે 'શબ્દ નય'.

૮, ૯, ૧૦, ૧૨, ૧૩ એ ગુણસ્થાનકોની સંપૂર્ણ પ્રાપ્તિ થવી તે 'સમભિરૂઢ નય'.

આઠે કર્મનો સર્વથા નાશ કરી અચલ સ્વરૂપે અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતચારિત્ર, અનંતવીર્ય. એ આદિ આઠ મોટા ગુણને તથા સામાન્ય પણે અનંતાગુણો સહિત સિદ્ધાલય સ્થાનમાં વિરાજમાન થવું તે તે સિદ્ધાલય સ્થાનની પ્રાપ્તિ મન, વચન, કાયાનાત્રણે યોગને રૂંધીને થાય છે એવા સિદ્ધ સ્વરૂપી અમૂર્ત ભગવાનની દશાનું જે સંપૂર્ણપણું તેને સાતમો 'એવંભૂત નય' કહે છે. એ પ્રમાણે સાતે નયનું સ્વરૂપ જાણવું.

—: પ્રસિદ્ધ થઇ ગયું છે. હવે ફક્ત થોડીક જ નકલો સીલીક છે :—

**ચોસઠ પ્રકારી પૂજા—અર્થ અને કથાઓ સહિત**

આ પુસ્તક પ્રસિદ્ધ થતાં જ તેની નકલો ચપોચપ ઉપડી રહી છે. આ જાતનું પ્રકાશન ઘણાં વર્ષો પછી થયેલ છે એટલે આપે આપની નકલ તરત જ મંગાવી લેવી.

આ પુસ્તકમાં **શ્રી નવપદજીની** ઓળીમાં આઠે દિવસ ભણાવવાની પૂજાઓનો સુંદર અને હૃદયંગમ ભાષામાં **સ્વ. શ્રીયુત કુંવરજી આણંદજીએ** લખેલ અર્થ આપવામાં આવેલ છે જેથી પૂજાનો ભાવ સમજવામાં ઘણી જ સરળતા અને સુગમતા રહે છે. આ પૂજાઓમાં આવતી પચીશ કથાઓ પણ સરળ ભાષામાં આપવામાં આવી છે જેથી પુસ્તકની ઉપયોગિતામાં ઘણો જ વધારો થયો છે. **શ્રી પાર્શ્વનાથ** પંચકલ્યાણક પૂજા પણ અર્થ સાથે આપવામાં આવી છે.

ક્રાઉન સોળ પેજી આશરે ૪૦૦ પૃષ્ઠના આ પુસ્તકની કિંમત રૂ. ત્રણ રાખવામાં આવેલ છે.

પોસ્ટેજ ૭૫ પૈસા

લખો :—**શ્રી જૈનધર્મ પ્રસારક સભા—ભાવનગર**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ઉદ્દઘાટન, સન્માન, જન્મ જયંતિ

## ભાવનગર ખાતે નૂતન ઉપાશ્રયનું ઉદ્દઘાટન

ભાવનગરનો મારવાડીનો વંડો એ શ્રી સંઘનો જુનો મુખ્ય ઉપાશ્રય હતો. કેટલાંક વર્ષોથી તેને સમરાવવાની અથવા તે જગ્યાએ નવો ઉપાશ્રય કરવાની વાતો ચાલતી હતી, પ્રયત્નો પણ થયા છતાં તે વાત અધૂરી રહી ગઈ હતી.

ત્રણેક વર્ષો પહેલાં ઉપાધ્યાય શ્રી કૈલાસસાગરજીએ અને પન્યાસ શ્રી સુબોધસાગરજીએ ચાતુર્માસમાં આ ઉપાશ્રયને સ્થાને નવો ઉપાશ્રય કરવા માટે પ્રયત્નો શરૂ કર્યા અને ચાતુર્માસ દરમ્યાન રૂપિયા બે લાખનું ફંડ એકઠું થઈ ગયું.

છેલ્લા દોઢ વર્ષમાં જુના ઉપાશ્રયને સ્થાને નવો ઉપાશ્રય બંધાવવામાં આવ્યો અને આ શહેરની વિશાળ જૈન વસ્તીને ધર્માનુષ્ઠાનો આદિ ક્રિયા વખતે પડતી અગવડતામાંથી રાહત મળી.

આ નૂતન ઉપાશ્રય તૈયાર થતાં તેનું ઉદ્દઘાટન જેઠ વદ આઠમ ને શુક્રવારના આ. શ્રી વિજયોદયસૂરીશ્વરજી અને ઉપાધ્યાય શ્રી કૈલાસસાગરજી આદિ મુનિમહારાજોની નિશ્રામાં અતિ આનંદ પૂર્વક થયું હતું. બપોરના અર્હંત મહાપૂજન શરૂ થયું હતું. અને વદ ૯ તથા ૧૦, એમ ત્રણ દિવસ વિધિ ચાલ્યો હતો. પૂજા અને ભાવના માટે અમદાવાદથી સંગીતકાર શ્રી ગજાનંદભાઇ ઠાકુર અને મદ્રાસથી વાજિંત્રકાર હનુમંત આચાર્ય આવેલ હતા. આ પ્રસંગ નિમિત્તે શેઠશ્રી ભોગીલાલ મગનલાલ તરફથી સ્વામિભક્તિ નિમિત્તે દરેક ઘર દીઠ મીઠાઇના પડીકા વહેંચવામાં આવ્યા હતા.

આ નૂતન ઉપાશ્રયમાં નવ લાખ મંત્રના જાપ સાથે એકધાનના લગભગ ૨૦૦૦) આયંબિલની તપસ્યા પૂ. આચાર્યશ્રીના સદુપદેશથી થઇ હતી.

## નર્મદાબાઈ ચત્રભુજ ગાંધી મહિલા કોલેજના નવા મકાનનું ઉદ્દઘાટન

શ્રી ભાવનગર સ્ત્રી કેળવણી મંડળ સંચાલિત શ્રી નર્મદાબાઇ ચત્રભુજ ગાંધી મહિલા કોલેજના નવા મકાનનું ઉદ્દઘાટન તા. ૧૮-૬-૬૪ના શ્રીમતી નાથીબાઇ દામોદર ઠાકરશી વિમેન્સ યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર ડૉ. શ્રીમતી પ્રેમીલાબેન ઠાકરશીના શુભ હસ્તે થયેલ હતું. સમારંભના પ્રમુખસ્થાને ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી બળવંતરાય મહેતા હતા.

આ નવા મકાન બંધાવવા માટે શ્રી વાડીલાલ ચત્રભુજ ગાંધીએ ટ્રસ્ટમાંથી પોતાની માતુશ્રીના નામે રૂા. એક લાખ આપ્યા છે. તેમજ પોતાના જુદા જુદા સ્નેહી સદ્‌ગ્રહસ્થો તરફથી ઉદ્દઘાટન વખતે કોલેજને રૂા. ૩૫ હજારની મદદની જાહેરાત કરી હતી. શ્રી વાડીભાઇ દાનવીર ગ્રહસ્થ અને કેળવણીપ્રેમી તરીકે જાણીતા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. G 50

## પ્રજ્ઞાચક્ષુ પંડિતજીનું સન્માન

શિક્ષણના ક્ષેત્રમાં આ સભા તરફથી ચાલતા સંસ્કૃત કલાસમાં પ્રજ્ઞાચક્ષુ પંડિતજી જગજીવનદાસ પોપટલાલ સંઘવીએ છેલ્લા ચાલીશ વર્ષથી વિદ્યાર્થીઓની અમૂલ્ય સેવા કરી છે. તેઓશ્રી સંસ્કૃત પ્રાકૃતના ભાવનગરમાં એક જ પંડિત છે. અને તેઓશ્રીએ વિદ્યાર્થી-વર્ગની અનન્ય ચાહના પ્રાપ્ત કરેલ છે.

વાત્સલ્યમૂર્તિ પંડિતજીનું સન્માન કરવાની ભાવના તેઓશ્રીના વિદ્યાર્થીઓ, શુભેચ્છકો અને પ્રશંસકોના હૃદયમાં જાગી અને આ ભાવનાને મૂર્ત સ્વરૂપ આપવા વિચારણા કરવા એક સભા તા. ૧૩–૬–૬૪ના રોજ આત્માનંદ સભાના શ્રી ભોગીલાલભાઈ હોલમાં શેઠશ્રી રમણીકલાલ ભોગીલાલભાઈના પ્રમુખસ્થાને મળેલ હતી. આ પ્રસંગે તેઓશ્રીના વિદ્યાર્થીઓ શુભેચ્છકો અને પ્રશંસકોની સારી હાજરી હતી અને તે સમયે સન્માનનિધિમાં લગભગ બે હજાર રૂપિઆ નોંધાયા છે.

પૂ. પંડિતજીએ પોતાના જ્ઞાનને કદી પણ ધન પ્રાપ્તિનું સાધન બનાવ્યું નથી પંડિતજીનો શિષ્ય પરિવાર વિશાળ છે. પંડિતજીનું ઉમળકા ભર્યું સન્માન કરવા આ બધા બહુ ઉત્સુક હોય તે સ્વાભાવિક છે. તો પંડિતજીના વિદ્યાર્થીઓ, પ્રશંસકો અને સ્નેહીઓ પોતાનો યોગ્ય ફાળો કમિટિને નીચેના સરનામે મોકલી આપે તેવી વિનંતી છે.

**પંડિતજી જગજીવનદાસ પોપટલાલ સંઘવી સન્માન સમિતિ**
ઠે૦ યશોવિજયજી જૈન ગ્રંથમાળા,
હેરીસ રોડ, ભાવનગર (સૌરાષ્ટ્ર)

## શ્રી વીરચંદ રાઘવજી ગાંધીની જન્મશતાબ્દિ

આપણે સ્વામી વિવેકાનંદ અંગે જેટલું જાણીએ છીએ તેમાંનો સતાંશમો ભાગ પણ શ્રી વીરચંદભાઈ માટે જાણતા નથી એ ખેદની વાત છે. શ્રી વીરચંદભાઈ વિવેકાનંદના સમોવડીયા હતા. શ્રી વીરચંદભાઈને ધર્મ પરિષદના "વનરાજ"નું બિરૂદ મળેલું હતું. તેમણે માત્ર પચ્ચીશ વર્ષની યુવાનવયે જૈન ધર્મનો, ભારતીય સંસ્કૃતિનો અને આર્ય સંસ્કૃતિનો ઝંડો અમેરિકામાં ફરકાવ્યો હતો. એમણે છસો ઉપરાંત પ્રવચનો આપી અમેરિકા અને યુરોપ દેશના મનુષ્યોને મંત્રમુગ્ધ કર્યા હતા. જૈન ધર્મનો પરદેશમાં પ્રચાર કરવામાં તેઓ મુખ્ય હતા. તેઓ સાદા, સૌમ્ય, સહૃદયી અને સંસ્કારી ધર્મવીર હતાં. એમનો જન્મ મહુવામાં ઇ.સ. ૧૮૬૪માં થયો હતો. તેઓ માત્ર સાડત્રીશ વર્ષની વયે જ સ્વર્ગવાસી થયા હતા. એમની જન્મ શતાબ્દિ ૨૫ ઓગસ્ટના રોજ આવે છે. તો તે જન્મ શતાબ્દિ ભાવનગર શહેરમાં શાનદાર રીતે ઉજવવામાં આવે તેવું હું ઇચ્છુ છું.

પ્રકાશક : દીપચંદ જીવણલાલ શાહ, શ્રી જૈન ધર્મ પ્રસારક સભા–ભાવનગર
મુદ્રક : ગીરધરલાલ ફુલચંદ શાહ, સાધના મુદ્રણાલય–ભાવનગર

For Private And Personal Use Only